# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-03-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# DHULETI OVERALL-1

રાજ્યભરમાં આજે મંદિરોથી લઈ તમામ જગ્યાએ ધુળેટીની ધામધૂમથી ઉજવણી થઈ રહી છે.

દેવભૂમિદ્વારકાના અમારા પ્રતિનિધિ કરણ જોષી જણાવે છે , દ્વારકાધીશ મંદિરમાં ભક્તિમય માહોલ વચ્ચે ફૂલડોલ ઉત્સવ ઉજવાયો. દરમિયાન સમગ્ર મંદિર જય દ્વારકાધીશ અને જય રણછોડ જેવા નાદ સાથે ગૂંજી ઉઠ્યું હતું.

બનાસકાંઠાના અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે , શક્તિપીઠ અંબાજીમાં મોટી સંખ્યામાં આવેલા ભક્તોને ધુળેટી પર્વ નિમિત્તે બે પૂનમનો લ્હાવો મળ્યો. વહેલી સવારે મંગળા આરતીના દર્શન કર્યા બાદ ભક્તો અબિલ ગુલાલના રંગમાં રંગાયા હતા.

પાટણના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે , આજે સમગ્ર પાટણવાસીઓ ધુળેટીના રંગમાં રંગાઈને ઉજવણી કરી રહ્યા છે. શહેરના પ્રાચીન દ્વારકાધીશ મંદિર ખાતે પુષ્ટીમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાય દ્વારા પરંપરાગત રીતે પ્રભુજી સન્મુખ ડોલોત્સવનું આયોજન કરાયું છે.

ખેડાના અમારા પ્રતિનિધિ જનક જાગીરદાર જણાવે છે , વડતાલ સ્વામિનારાયણ મંદિર ખાતે ફૂલડોલ ઉત્સવની ઉજવણી કરવામાં આવી. કેસુડાની પિચકારીથી હરિભક્તો પર વિવિધ રંગ ઉડાડવામાં આવ્યા હતા....

# DHULETI OVERALL-2

ગીરસોમનાથના અમારા પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે, વેરાવળમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી ભૈરવનાથ દાદાની 30 ફૂટ ઊંચી પ્રતિમા બનાવવામાં આવી છે. એક અગ્રણીએ જણાવ્યું, પ્રાચીન કાળથી અંદાજે 130 વર્ષ પહેલાથી ચાલતી આવતી આ પરંપરા આજની પેઢીએ આજે પણ જાળવી રાખી છે.

જામનગરના અમારા પ્રતિનિધિ જગત રાવલ જણાવે છે, ધારાસભ્યો સહિતના અગ્રણીઓએ શહેરની સામાજિક સંસ્થામાં ભણતા મુકબધિર અને અન્ય દિવ્યાંગ બાળકોની સાથે ધુળેટીની ઉજવણી કરી.

મહેસાણાના અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે, વિસનગર ખાતે એકબીજાને ખાસડા મારીને ધુળેટીની અનોખી ઉજવણી કરાય છે, પરંતુ હવે ખાસડાની જગ્યા શાકભાજીએ લઈ લીધી છે.

બીજી તરફ સુપ્રસિદ્ધ સાળંગપુર કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર ખાતે પ્રાકૃતિક રંગથી અને ડીજેના તાલે રંગોત્સવ ઉજવાયો. સાંભળીએ એક અહેવાલ.

(વૉઈસકાસ્ટ: પ્રકાશ ભિમાણી, બોટાદ)

મહીસાગરના અમારા પ્રતિનિધિ કૌશિક જોષી જણાવે છે, ઐતિહાસિક માનગઢ ધામ ખાતે આસ્થાના રંગ સાથે ધુળેટી ઉજવવામાં આવી. શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોર પણ સ્થાનિક લોકો સાથે ઉજવણી કરતા નજરે પડ્યા હતા.

(બાઈટ : શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોર)

. . . . . . . . . . . . .

# RAJKOT AAG

રાજકોટમાં 150 ફૂટ રિંગ રોડ પર આવેલા એટલાન્ટિસ એપાર્ટમેન્ટમાં આજે આગ લાગતા ત્રણ લોકોના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ જણાવે છે, શૉર્ટ સર્કિટના કારણે આ આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે. દરમિયાન શહેરના A.C.P. બી. જે. ચૌધરીએ ઘટનામાં ત્રણ લોકોના મોત થયાની પુષ્ટિ કરી છે.

આગની જાણ થતાં અગ્નિશમન દળ સહિતની બચાવ સુરક્ષા દળની ટુકડી ઘટનાસ્થળે પહોંચી હતી. ઘટનામાં પાંચથી છ લોકો દાઝી જતાં તેમને સારવાર અર્થે હૉસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યારે 50થી વધુ લોકોને બચાવી લેવાયા છે.

. . . . . . . . . . . . .

# TAPI KHANIJ CHORI

તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના શિરીષપાડા ખાતેથી ખનીજ ચોરી પકડાઈ છે. અમારા પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે , સોનગઢના મામલતદાર અને ભૂ-સ્તર વિભાગની ટુકડી દ્વારા ગઈકાલે દરોડા પાડવામાં આવ્યા હતા.

દરમિયાન સુરતના પલસાણા તાલુકાના તુંડી ગામની એક એજન્સી દ્વારા કરાતી ખનીજ ચોરી પકડવામાં આવી છે. સ્થળ પરથી સાત હજાર ટન સાદી રેતી , બે મશીન, પાંચ નાવડી સહિત 45 લાખ રૂપિયાનો માલસામાન કબજે કરાયો છે.

. . . . . . . . . . . . .